# Visit of the Secretary of the Security Council of the Russian Federation, General Nikolay Patrushev to India

September 07, 2021

# રશિયન ફેડરેશનની સુરક્ષા સમિતિના સેક્રેટરી જનરલ નિકોલાય પેટ્રુશેવની ભારત મુલાકાત

સપ્ટેમ્બર 07, 2021

1. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજિત દોવલ, કેસીના આમંત્રણને માન આપીને રશિયન ફેડરેશનની સુરક્ષા સમિતિના સેક્રેટરી મહામહિમ જનરલ નિકોલય પેટ્રુશેવ 7-8 સપ્ટેમ્બર 2021 દરમિયાન અફઘાનિસ્તાનના મામલે ઉચ્ચ સ્તરીય ભારત-રશિયા આંતર-સરકારી મંત્રણાઓ માટે ભારતની મુલાકાત લઈ રહ્યા છે.

2. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને રશિયન ફેડરેશનના પ્રમુખ મહામહિમ વ્લાદિમીર પુટિન વચ્ચે 24 ઓગસ્ટ 2021ના રોજ ટેલિફોન પર થયેલી વાતચીતના અનુસંધાને આ મંત્રણા કરવામાં આવી રહી છે. બંને નેતાઓએ એવો મત વ્યક્ત કર્યો હતો કે બંને વ્યૂહાત્મક ભાગીદારો માટે સાથે મળીને કામ કરવું જરૂરી છે તથા તેમણે વરિષ્ઠ અધિકારીઓને અફઘાનિસ્તાન મુદ્દે સંપર્કમાં રહેવા માટે જણાવ્યું હતું.

3. આ મુલાકાત દરમિયાન સુરક્ષા સમિતિના રશિયન સેક્રેટરી વડાપ્રધાન અને વિદેશમંત્રી સાથે મુલાકાત કરશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 07, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.